જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૧/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૩૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૬૭,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૧૩૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૫૭ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૩ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તથા જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૧૩૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૨૧૩૯/૨૦૨૨**

**ખોખરા**: સંધ્યાબહેન લક્ષ્મણભાઇ ગાયકવાડ (ઉ.વ.૫૨)(રહે.મુરલીધર એપાર્ટમેન્ટ, ક્રીષ્ના બંગ્લોઝ પાસે, જશોદાનગર કેનાલ રોડ, જશોદાનગર, ખોખરા)એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૨ સવારના ૧૦/૦૦ થી સાંજના ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૨૭,૫૦૦/- મતાના ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી તેજપાલસિંહ પુરણસિંહ ચલાવે છે.

**મણીનગર**: કેયુરીબહેન વા/ઓ વિપુલકુમાર પટેલ (ઉ.વ.૪૮)(રહે.તુલશીશ્યામ એપાર્ટમેન્ટ, ધનલક્ષ્મી સોસાયટી, ગોપાલ ટાવર સામે, બાલકૃષ્ણ હવેલીની બાજુમા મણીનગર)એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૨૨ બપોરના ૨/૦૦ થી ૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, કબાટોમાંથી સોના-ચાંદીના દાગીના, ઘડીયાળો અને રોકડ રૂપિયા તેમજ ઇંગ્લેન્ડ દેશના પાઉન્ડ મળી કુલ રૂપિયા ૩,૧૮,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.પી.ઉનડકટ ચલાવે છે.

**વટવા જી.આઇ.ડી.સી.**: આતીફહસન મહેદીહસન શેખ (ઉ.વ.૩૩)(રહે.સાગર હોટલ સામે, બેવા કેમ્પ સોસાયટી, બીબી તળાવ પાસે, વટવા) એ તા.૨૮/૧૧/૨૦૨૨ ના રોજ વટવા જી.આઇ.ડી.સી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૧/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૨૪/૧૧/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન જીઆઇડીસી વટવા ફેઝ-૨ પ્લોટ નંબર પી/૧૧ રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સામે, “પલક ઇન્ડસ્ટ્રીઝ” નામની આતીફહસનની ફેક્ટરીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ફેક્ટરીમાંથી એસ.એસ.ની ચાર પ્લેટ, ત્રણ એસ.એસ.રાઉન્ડ, એસ.એસ. ઢાંકણ અને અન્ય એસ.એસ.નો ભંગાર મળી કુલ કિંમત રૂપિયા ૯૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૦/૨૦૨૨**

**આનંદનગરઃ** સુજલભાઇ દેવાંગભાઇ શાહ (ઉ.વ.૧૯)(રહે.પાશ્વટાવર પારેખ હોસ્પિટલની સામે શ્યામલ ચાર રસ્તા સેટેલાઇટ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૨ ના કલાક ૧/૧૫ વાગ્યાના સુમારે પાશ્વટાવરમાં આવેલ જૈન દેરાસરની બહાર શ્યામલ ક્રોસ રોડ એ.એમ.ટી.એસ.ના બસ સ્ટેન્ડ આગળ રોડ ઉપર મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા પુરૂષ (૨૨ થી ૨૩ વર્ષના આશરાના) એ ભેગામળી સુજલભાઇને છરો બતાવી, તેમની પાસેનો મોબાઇલ ફોન, એપલ વૉચ, એપલ એર પોડ્સ અને સોનાની ચેઇન મળી કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૧/૨૦૨૨**

**ચાંદખેડાઃ** રામકિષ્ન રામઉજાગીર મિશ્રા (ઉ.વ.૪૭)(રહે,સ્વસ્તીક હાઇટસ સેવીસ્કાઇ ટાવરની પાછળ ઝુંડાલ ગાંધીનગર)એ તા.૨૮/૧૧/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૧/૨૦૨૨ રાતના ૦૦/૩૦ થી ૦૦/૪૫ વાગ્યા દરમ્યાન ચાંદખેડા એસ.પી. રિંગ રોડની બાજુમા આવેલ “ગણેશ પાર્ટી પ્લોટ” ખાતે કન્યા તથા સ્ત્રીઓના બેઠક રૂમમાં એક અજાણ્યો છોકરો (૧૨ થી ૧૪ વર્ષના આશરાનો) અને એક અજાણ્યો પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનો) એ ભેગામળી રામકિષ્નના પત્નીની નજર ચુકવી તેમની પાસેનું દાગીના મુકેલ પર્સ ચોરી કરી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૪,૧૭,૦૧૪/-, રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- અને મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૭૨,૦૧૪/-ની મતા મુકેલ હતી.આ ગુનાની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

**કારંજઃ** વલ્લભદાસ ત્રીકમલાલ સોની (ઉ.વ.૬૭)(ધંધોઃસોનીકામ)(રહે.સાંઇકુટીર ઉત્તરસંડા નડીયાદ તાઃ નડીયાદ જીઃ ખેડા) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૨ સવારના ૯/૪૫ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન વલ્લભદાસ ગીતામંદિરથી રીક્ષામાં બેસી માણેકચોક જવા નિકળેલ દરમ્યાન ગીતામંદિર થી મ્યુ.કોઠા એસ.બી.આઇ બેંક સુધીની મુસાફરી દરમ્યાન રસ્તામાં રીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલા ત્રણ અજાણ્યા પુરૂષે ભેગામળી વલ્લભદાસની નજર ચુકવી તેમની પાસેની બેગની ચેઇન ખોલી તેમાંથી ચાંદીના ૫૦૦ ગ્રામના ચાર ચોરસા કુલ બે કિલો ચાંદી કુલ કિંમત રૂપિયા ૧,૨૨,૮૦૦/- મતાની ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

**સરખેજઃ** કોકીલાબહેન વા/ઓ વનરાજસિંહ જાડેજા (ઉ.વ.૫૨)(રહે.પ્લોટ નંબર-૪૨૦, સતવારા સોસાયટી, સેકટર-૫ ગાંધીધામ તા-ગાંધીધામ જી.ભુજ-કચ્છ)એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે સરખેજ-સાણંદ સર્કલ નજીક મેલન હોટલ સામે ગાંધીનગર જવા સારૂ એસ.ટી.બસમાં ચડતી વખતે કોઇ અજાણી વ્યક્તિએ કોકીલાબહેનની નજર ચુકવી તેમના પર્સમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- મતાના ચોરી કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૨/૨૦૨૨**

**સરખેજઃ** રમેશભાઇ પ્રેમજીભાઇ મેવાડા (ઉ.વ.૨૪)(રહે.આંબેડકર કોલોની વિભાગ-૧, પાણીની ટાંકી સામે, બળીયાદેવના મંદિર નજીક મકરબા સરખેજ)એ અગમ્ય કારણસર તા.૨૮/૧૧/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે રૂમમાં છતની લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી